## એક રૂપિયાનાં દસકાં.

એક રૂપિયાનાં દસકાં દસ ,
ખિસ્સામાં ખખડે અને પડે મારો વટ..
એક દસકો મેં ભાભીને આપ્યો,
કાગળ લખો ભાઇ આવે ઘરે ઝટ..
બે દશકા મેં મમ્મીને આપ્યાં,
મમ્મીએ ઊંચકી લીધો મને પટ..
ત્રણ દસકા મેં પપ્પાને આપ્યાં,
પપ્પાએ ચોકલેટ આપી ચટપટ..
ચાર દસકા મેં દાદીને આપ્યાં,
બાથમાં લઇ મને બકી ભરી બચ..
સૌની ચીજ મેં સૌને આપી,
દાદાનાં દીકરાનો ભારે પડે વટ..
એક રૂપિયાનાં દસકાં દસ..

## એકડે એક

એકડે એક રમ ને ઠેક
બગડે બે વાર્તા કહે.
ત્રગડે ત્રણ
શાળામાં ભણ.
ચોગડે ચાર થા હોંશિયાર.
પાંચડે પાંચ પુસ્તક વાંચ.
છગડે છ છુમછુમનો છ.
સાતડે સાત સાફ કરો દાંત.
આઠડે આઠ વાહ તમારો ઠાઠ !
નવડે નવ કરો કલરવ.
એકડે મીંડે દસ,
ત્યાં આવી સ્કૂલની બસ.
એકડે એક...

## સરવાળા વિશેનું ગીત

એક એક ચકલી ચણતી'તી ,
એક આવી ગઇને થઇ ગઇ બે.
બે બે ચકલી ચણતી'તી
એક આવી ગઇને થઇ ગઇ ત્રણ.
ત્રણ ત્રણ ચકલી ચણતી'તી ,
એક આવી ગઇને થઇ ગઇ ચાર.
ચાર ચાર ચકલી ચણતી'તી ,
એક આવી ગઇને થઇ ગઇ પાંચ.

## બાદબાકી વિશેનું ગીત

પાંચ પાંચ ચકલી ચણતી'તી ,
એક ઉડી ગઇને રહી ગઇ ચાર.
ચાર ચાર ચકલી ચણતી'તી
એક ઉડી ગઇને રહી ગઇ ત્રણ.
ત્રણ ત્રણ ચકલી ચણતી'તી ,
એક ઉડી ગઇને રહી ગઇ બે.
બે બે ચકલી ચણતી'તી ,
એક ઉડી ગઇને રહી ગઇ એક.
એક એક ચકલી ચણતી'તી,
એક ઉડી ગઇને રહી ગઇ શૂન્ય.

## એકડો સાવ સળેકડો..

એકડો સાવ સળેકડોને
બગડો ડિલે તગડો.
બન્ને બથંબથાં બાઝી
કરતાં મોટો ઝગડો.
તગડો તાળી પાડેને
નાચે તાતા થૈ.
ચોગડાંની ઢીલી ચડ્ડી
સરરર્ ઉતરી ગઇ.
પાંચડો પેડાં ખાતો
એની છગડો તાણે ચોટી.
સાતડો છાનોમાનો
સૌની લઇ ગયો લખોટી.
આઠડાંને ધક્કો મારી
નવડો કહેતો ખસ.
એકડે મીંડે દસ
ત્યાં આવી સ્કૂલની બસ.

## કોણ રમે કોણ જમે ?

એક મજાનો માળો એમાં
દસ ચકલી રહેતી.
પહેલી ચકલી ચોખા ખાંડે,
બીજી મગડાં ભરડે.
ત્રીજી બેઠી કરે તડાકાં,
ચોથી ચોખાં ચાળે.
પાંચમી ઓરે ખીચડીને ,
છઠ્ઠી છમ છમ નાચે.
સાતમી તો શાક સુધારે,
આઠમી હજુય ઊંઘે.
નવમી નીર ભરી લાવે ને,
દસમી દમ ભિડાવે.
કહો, ખીચડી થઇ ગઇ છે,
હવે કોણ જમે, કોણ રમે ?
કામ કરે એ જમે ને ,
ન કરે એ રમે.

## દસ કાગળિયાં...

પપ્પાજીએ રંગબેરંગી દસ કાગળિયાં દીધાં.
ઋચાબહેને એમાંથી કેવા કામણિયાં કીધાં !
પહેલો કાગળ કાળો એનો કર્યો કાગડો કાળો.
બીજો કાગળ લીલો એનો પોપટ કાંઠલાવાળો.
ત્રીજો કાગળ પીળો એનું પીળક કીધું કેવું !
ચોથો કાગળ ભૂરો એનું કીધું રે પારેવું
પાંચમો કાગળ ધોળો ર્નો બગલો ચોટીવાળો,
છઠ્ઠો કાગળ રાતો એનો મરઘો માંજરવાળો.
સાતમો કાગળ કથ્થાઇ એનાં કાબરડાં કલબલતાં,
આઠમો કાગળ બહુરંગી એના મોર કીધાં રૂમઝૂમતાં
નવમો કાગળ કેસરિયો એની ધજા કરી ફરફરતી,
દસમો કાગળ સોનેરી એની કરી દેરી ચકમકતી. .
બધાં પંખીને દેરી પરનાં ગુંબજ પર બેસાડ્યાં,
કળ દાબી પછી કેમેરાની કટ..કટ.. ફોટા પાડ્યાં.

## એક મારી ઢીંગલી..

એક મારી ઢીંગલીને એવી સજાવું.
બે એનાં કાનમાં બુટ્ટી પહેરાવું.
ત્રણ એની નથડીમાં હીરા જડાવું.
ચાર એનાં હાથમાં ચૂડી પહેરાવું.
પાંચ એની આંગળીમાં વીટી પહેરાવું.
છ એની વેણીમાં ફૂલો ગૂંથાવું.
સાત એની ચૂંદડીમાં રંગો પૂરાવું.
આઠ એની ધાઘરીમાં મોર ચિતરાવું.
નવ એની ઝાંઝરીમાં ધૂઘરી મેલાવું.
દસ દશેરાએ ગરબે ધૂમાવું.
એક મારી ઢીંગલીને..

## એક એટલે એકડો..

એક એટલે એકડો , તાણે મોટો ભેંકડો.

બે એટલે બગડો , બગડો તો રગડો.

ત્રણ એટલે તગડો, તગડો તો તગડો.

ચાર એટલે ચોગડો , મોટો મોટો ચોપડો.

પાંચ એટલે પાંચડો , જંગલમાં માંચડો.

સાત એટલે સાતડો , કબૂતરને કાગડો.

આઠ એટલે આઠડો , બેસવાનો બાકડો.

નવ એટલે નવડો. નવરાત્રીનો દિવડો.

દસ એટલે દસ , બસ બસ બસ.

## એક થી દસ

એક હતી ગાદીને

બે હતાં રાજા.

ત્રણ હતાં તાળાને

ચાર દરવાજાં.

પાંચ હતા પલંગને

છ હતાં છોકરાં.

સાત હતાં ઘોડાંને

આઠ હતી ગાડી.

નવ હતાં હાથીને

દસ અંબાડી.

## એક થી દસ

એક પછી બે આવે ,

નાનાભાઇને રોટલી ભાવે.

ત્રણ પછી આવે ચાર ,

રોટલી સાથે ખાય શાક.

પાંચ છ પછી સાત ,

હવે ખાવાનાં દાળને ભાત.

આઠ નવ પછી દસ ,

પેટ ભરાયું હવે બસ.

## એક કબૂતર...

એક કબૂતર ચણવા આવ્યું , ઘૂ..

બે કબૂતર ચણવા આવ્યાં, ઘૂ.. ઘૂ..

ત્રણ કબૂતર ચણવા આવ્યાં, ઘૂ.. ઘૂ..ઘૂ..

ચાર કબૂતર ચણવા આવ્યાં, ઘૂ.. ઘૂ..ઘૂ..ઘૂ..

પાંચ કબૂતર ચણવા આવ્યાં, ઘૂ..ઘૂ..ઘૂ..ઘૂ..ઘૂ..

## એક કબૂતર નાનું...

એક કબૂતર  નાનું
એને બહું ગમે ઉડવાનું.
એ ઉડ્યું છાનું માનું.... (2)
તો કબૂતરનાં પપ્પા બોલ્યાં

ધૂ..ધૂ..ધૂ...

કબૂતર તો રોતું..
મમ્મી સામે જોતું.... (2)
તો કબૂતરની મમ્મી બોલી.

ધૂ..ધૂ..ધૂ...

એક કબૂતર નાનું...

*મોરલાની ડોકમાં હો.. મને એકડો દેખાય છે.*
*દાતરડાંનાં અંગમાં હો.. મને બગડો દેખાય છે.*

આકાશમાં ઉડતી સમડી જોઉ છું જ્યાં..
સમડીની પાંખમાં હો.. મને તગડો દેખાય છે.
ચીપીઓ લઇને બા રોટલી ફેરવતાં..
ચીપીયાનાં અંગમાં હો.. મને ચોગડો દેખાય છે.

પપ્પાને સવારમાં ચા સાથે સંગ છે.
કીટલીનાં અંગમાં હો મને પાંચડો દેખાય છે.
આવો બતાવું તમને દર્પણનો જાદું..
દર્પણમાં બગડાનો હો.. મને છગડો દેખાય છે.
પાછું વળીને પંખી પીછું સવારતું..
પોપટની ચાંચમાં હો.. મને સાતડો દેખાય છે.
દાદાજીની લાકડીનો ઘોડો ખેલવતો..
લાકડીનાં અંગમાં હો.. મને આઠડો દેખાય છે.
ધનુષ ચડાવતાં રામને હું નિરખું..
ધનુષનાં અંગમાં હો.. મને નવડો દેખાય છે.

એકડા પાછળ લાડુ મૂંકુ તો દસ થાય..
બા કહે બેટા મારા હો.. આજ આટલું તો બસ છે.

## એકડે એક...

બોલો એકડે એક, કર ચોપડા પેક.

બોલો બગડે બે, દફતર ખભે લે.

બોલો ત્રગડે ત્રણ, દાખલાઓ તું ગણ.

બોલો ચોગડે ચાર, રોજ વાંચો સુવિચાર.

બોલો પાંચડે પાંચ, ભાષામાં ડુબાડો ચાંચ !

બોલો છગડે છ , ના રહો ભણવામાં 'ઢ'.

બોલો સાતડે સાત, ના કરો વર્ગમાં વાત.

બોલો, આઠડે આઠ, ભણો પર્યાવરણનાં પાઠ.

બોલો, નવડે નવ, સુધારો ભણીને ભવ.

બોલો, એકડે મીંડે દસ, ઘંટ વાગ્યો, હવે બસ.

# ગાણિતિક ગીતો




**<u>સંકલન</u>**

***શ્રી લાલજીભાઇ બી. પંચાલ.***

***મ.શિક્ષક***

***શ્રી હાથીપુરા પ્રા.શાળા.***

***તા-પાટડી જિ- સુરેન્દ્રનગર***

***મો.નં- 9427323046***

***Blog-laljibhaipanchal.blogspot.in***